## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તજજ્ઞ તરીકે એટલું કહીશ કે જીએસટીથી ફાયદો ચોક્કસ થવાનો છે.. એ સરકારને થાય અથવા પ્રજાને..!!

# યુવતીની કરપીણ હત્યા કરી જમીયતપુરા કેનાલમાં ફેંકી દેવાઈ

## તિક્ષ્ણ હથિયારના ૧૪ જેટલા ઘા ઝીંકી નિર્દયતાપૂર્વક હત્યા કરી કેનાલમાં ફેંકી દેવાયેલો મૃતદેહ મળ્યો : મૃતક યુવતી હજુ બિનવારસી

ગાંધીનગર, તા. ૧૯

અડાલજ નજીક આવેલી જમીયતપુરા નર્મદા કેનાલમાંથી આજે સવારના અરસામાં એક બિનવારસી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર નિકાળી તપાસ કરી તો તેના શરીરે તિક્ષ્ણ હથિયારના ૧૪ જેટલા ઘા જોવા મળ્યા હતા. કોઈ શખ્સોએ નિર્દયતાપૂર્વક આશરે ૨૫ વર્ષની આ યુવતીની હત્યા કરી નાંખીને પરોઢીયે કેનાલમાં ફેંકી દીધી હોવાની આશંકા છે. અડાલજ પોલીસે ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે. મૃતક યુવતીની ઓળખ માટે અને હત્યારા સુધી પહોંચવા માટે પોલીસે દોડધામ સરૂ કરી છે.

જમીયતપુરા નર્મદા કેનાલમાંથી આજે સવારે સાડા દસ વાગ્યાના અરસામાં આશરે ૨૫ વર્ષની ઉંમરની અજાણી યુવતીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા આ અજાણી યુવતીના



શરીરે ૧૪ જેટલા તિક્ષણ ઘા ઝીકાયેલા હોવાનું ધ્યાને આવ્યુ હતુ. ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમ પણ હત્યાના મેસેજથી સ્થળ પર પહોંચી ગઈ હતી. શરીરે મધ્યમ બાંધાની આ યુવતીએ વાદળી રંગનું ટોપ અને લેગીંઝ પહેરેલી છે. જમણા હાથના કાંડા પર મેક્સીમા કંપનીની કાળા પટ્ટાવાળી ઘડીયાળ યુવતીએ પહેરેલી છે. અજાણી યુવતીની ઓળખ માટે ટીમો દોડતી કરવામાં આવી છે. તો બીજી તરફ મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી હત્યારા સુધી પહોંચવા એલસીબી, એસઓજી અને અડાલજ પોલીસની વિવિધ ટીમો દોડતી કરવામાં આવી છે. મૃતદેહ દેખતા પરોઢીયામાં યુવતીની હત્યા કરીને કેનાલમાં ફેંકી દેવામાં આવી હોવાની શક્યતા પ્રબળ છે. પોલીસે હત્યારાને પકડવા ઝીણવટભરી તપાસ આરંભી છે.

## હોસ્પિટલમાં પીએમના આગમનને પગલે બેઝ હોસ્પિટલ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૯

પાટનગરના મહાત્મા મંદિર ખાતે આયોજીત આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક મીટ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય પાટનગરની મુલાકાતે આવનાર છે. આ કાર્યક્રમને અનુલક્ષી તંત્ર દ્વારા જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. શહેરના માર્ગો તેમજ હાઈરાઈઝ ઈમારતો રોશનીથી શણગારવામાં આવનાર છે. તમામ તંત્ર કામગીરીમાં જોતરાઈ ગયું છે. ત્યારે પીએમ અને વીવીઆઈપી મહેમાનોના સ્વાસ્થયને પગલે સિવિલ હોસ્પિટલ ખાતે પણ ખાસ બેઝ હોસ્પિટલ તૈયાર કરવામાં આવશે. જેમાં તમામ વિભાગના એચઓડી બે દિવસ માટે ખડેપગે હાજર રહેશે. જયારે હોસ્પિટલમાં ખાસ વીઆઈપી રૂમ ઉભો કરાયો છે જેમાં દવાઓ, ઈન્જેકશન સહિત જરુરી મેડીકલના સાધનો ઉપલ્બધ કરાયા છે.

પાટનગરમાં આફ્રિકન ડેવલપમેન્ટ મીટમાં વડાપ્રધાન હાજરી આપવાના હોવાથી સમગ્ર જિલ્લા તંત્ર કામે લાગી ગયું છે. સફાઈ થી લઈને શણગાર કરવામાં કયાંય કચાશ રહી ન જાય તેની ખાસ તકેદારી તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેવાઈ રહી છે. જિલ્લાના તમામ તંત્ર છેલ્લા કેટલાક દિવસોથી કામે લાગી ગયું છે. ત્યારે મોંઘેરા મહેમાનો આવતા હોવાથી મેડીકલ સેવાની પણ જવાબદારી પણ તંત્રના શીરે વધી જવા પામે છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં મેડીકલ સેવાને પગલે ખાસ જુના બિલ્ડીંગમાં બીજા મજલે સ્પેશીયલ રુમ તૈયાર કરાયા છે જે પહેલા કાર્યરત હતા. તે ઉપરાંત ખાસ ફોર બેબી વોર્ડના સ્થાને ખાસ ડિઝાસ્ટર વોર્ડ તૈયાર કરાયો છે. તે ઉપરાંત પણ મેડીકલ ઓફીસરોની ટીમ હોસ્પિટલ ખાતે તૈનાત રાખવામાં આવનાર છે. જયારે બેઝ હોસ્પિટલ સિવાય મહાત્મા મંદિર, કોન્વોય, પાર્કીંગ સહિતના સ્થળો પર મેડીકલ ઓફીસર સાથેની ટીમ ગોઠવવામાં આવશે. ત્યારે વાઈબ્રન્ટમાં મેડીકલ વ્યવસ્થા હોસ્પિટલ તંત્ર દ્વારા ગોઠવવામાં આવી હતી.તે પ્રકારની ખાસ વ્યવસ્થા અત્યારે હાલના સમયે પણ તંત્ર દ્વારા ગોઠવાઈ રહી હોવાનું સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણકારી મળી છે.

## મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ મિલકતવેરા ચુકવણી સામે તાકીદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે તા. ૩૧મી મે સુધીમાં મિલકત વેરો એડવાન્સમાં ભરે તો ૧૦ ટકા વળતર ચુકવવામાં આવશે. આ અંગેની જાહેરાતો વર્તમાનપત્રોમાં આપવામાં આવેલ છે. જાહેરમાર્ગો પર સુચનાઓ પણ મુકેલ છે. પરિણામે સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આમ છતાં તાજેતરમાં મિલકતવેરાના માંગણા બીલનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમાં એડવાન્સ વેરો ભર્યો હોવા છતાં બાકી રકમ દર્શાવેલ છે. બીલની રકમ ચુકવવામાં નહિ આવે તો મિલ્કતની જપ્તી કરવામાં આવશે તેમ બીલમાં દર્શાવેલ છે. જે કારણે એડવાન્સવેરો ભરવા છતાં રહીશો મુંઝવણભરી પરિસ્થિતિમાં મુકાયેલ છે. આ અંગે શહેરના એક જાગૃત સિનિયર સીટીઝને મહાનગરપાલિકાના કમિશનરશ્રીને જાણ કરી છે હવે તંત્ર કેટલી ઝડપથી કાર્યવાહી કરશે તે જોવું રહ્યું.

## બાબા સાહેબ વિરુધ્ધ અભદ્ર પોસ્ટ કરનાર સામે કડક પગલા ભરવા રજુઆત

ગાંધીનગર, તા.૧૯

ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકર અને તેઓના માતા



વિરુધ્ધ તાજેતરમાં મધ્યપ્રદેશના ભોપાલના એક યુવકે અભદ્ર ભાષાનો ઉપયોગ કરી લખાણ સોશ્યલ મીડીયા પર ફરતુ કર્યુ હતું. જેને પગલે અનુસુચિત જાતિના ભાઈ-બહેનોની લાગણી દુભાઈ છે. જેને પગલે સેકટર-૭ અશોકવાટીકા સોસાયટી ખાતે રહેતા આર.એસ. પટેલે સેકટર-૭ પોલીસ મથકે અરજી આપી આ યુવાન વિરુધ્ધ સાઈબર કાઈમ અંતગર્ત કાર્યવાહી કરવા રજુઆત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૭ બી પ્લોટ નં- ૪૯૭-૧ ખાતે રહેતા આર.એસ પટેલ સોશ્યલ મિડીયાનો તેમજ સ્માર્ટ ફોનનો સવિશેષ ઉપયોગ કરે છે. તેઓએ તાજેતરમાં ફેસબુક તેમજ વોટ્સએપ ગ્રુપમાં ભોપાલના એક યુવકના એકાઉન્ટ પરથી ભારતના ઘડવૈયા અને તેઓના માતૃશ્રી વિરુધ્ધ તોછડી ભાષાનો પ્રયોગ કરેલુ લખાણ હતું. આ લખાણથી સમગ્ર અનુસુચિત જાતિના ભાઈ બહેનોની લાગણી દુભાઈ હોવાથી રોષે ભરાયા છે. ત્યારે બાબા સાહેબ આંબેડકર પ્રત્યે માનસિક વિકૃતિ ધરાવતા યુવાનો સામે ફરીયાદ નોંધી કાયદેસરની ઘટતી કાર્યવાહી કરવા અરજી કરી છે.

## કૈલાસ માનસરોવર સેવા સમિતી ગાંધીનગર દ્વારા શુભેચ્છા સમારોહ

ગાંધીનગર, તા.૨૦

કૈલાસ માનસરોવર સેવા સમિતી ગાંધીનગર દ્વારા માનસરોવરની યાત્રાએ જનાર યાત્રીઓ માટે શુભેચ્છા સમારોહનું આયોજન તા.૨૮-૫-૨૦૧૭ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકે વૈજનાથ મહાદેવ મંદિર સેકટર - ૨૧ ચ-૬ પાસે આયોજન કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા પંસદગી પામેલ યાત્રીકો તેમજ ખાનગી રાહે જનાર યાત્રીઓને જણાવવાનું કે તેમના નામ સરનામા ફોન નંબર સહિતની માહિતી સત્વરે સમિતીના સભ્ય ક્રિષ્નકુમાર રાણા મો નં ૯૪૨૭૪૧૯૦૧૨ પહોંચાડવા કૈલાસ માનસરોવર સેવા સમિતિના પ્રમુખે અનુરોધ કર્યો છે.

# ઉનાળામાં પાટનગરના પાદરે આવેલા ગામોના નાગરીકો તરસ્યા

## પાલજ, બાસણ અને ઈન્દ્રોડા ગામની પાણીની સમસ્યા યથાવત

ગાંધીનગર, તા.૧૯

પાટનગરના ગોંદરે આવેલા ગામોના નાગરીકો ભર ઉનાળે પાણી માટે પોકાર પાડી રહ્યા છે. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં પીવા માટે પુરતું પાણી ન મળતા વિવિધ ગામના નાગરીકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ગ્રામજનોએ અનેકવાર તંત્ર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી હોવા છતા તંત્રના બહેરા કાને ગામલોકોની રજુઆત સંભળાતી નથી. જયારે તંત્ર દ્વારા ગત વર્ષે પાણીની સમસ્યા હલ કરવા નવા બોર બનાવાયા છે પરંતુ કોઈ કારણોસર બોર કાર્યરત કરાયા નથી જેને પગલે આ પરિસ્થિતિનો સામનો ગ્રામજનોને કરવો પડે છે. ત્યારે ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરીક સમિતિ દ્વારા પાણીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ કરવા તંત્ર સમક્ષ રજુઆત કરાઈ છે. જો કે પાણીનો પ્રશ્ન સત્વરે હલ નહી થાય તો ગ્રામજનાએ ઉગ્ર આંદોલન તેમજ આગામી ચુંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારી છે.

ગુજરાતની રાજધાનીના નિર્માણ સમયે જિલ્લાના આસપાસના ખેડુતોએ પોતાની મહામુલી જમીન આપી છે. ત્યારે અસરગ્રસ્ત ગ્રામ્ય વિસ્તાર બાસણ, પાલજ અને ઈન્દ્રોડા ગામમાં ભર ઉનાળે પાણીનો પ્રશ્ન સર્જાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. પાટનગરના પાંદરે આવેલા ગામોની આ સ્થિતિ છે તો રાજયના છેવાડાના ગામોની શુ સ્થિતિ હશે. ત્યારે તંત્ર દ્વારા બનાવવામાં આવેલા બોર કાર્યરત કરાય તો પાણીની સમસ્યા હલ થઈ શકે તેમ છે, પરંતુ કયું ગ્રહણ આ બોરને લાગેલું છે તે ગામના નાગરીકોને હજુ સુધી સમજાતું નથી. તો બીજીતરફ ગામોમાં વર્ષો પહેલા પાણીની પાઈપ લાઈન નાંખી હોવાથી સાંકળી છે. જેને પગલે પાણી ધીમુ આવે છે ત્યારે વિકાસની સાથે ગામો પણ મોટા થતા પાણીની લાઈનો મોટી નાંખવામાં આવે તો ગામના ઉંચા તેમજ પથરાળ માર્ગો માર્ગ પરથી પસાર થતી મોટી પાણીની પાઈપ લાઈન હોય તો ગામના દરેક નાગરીકને જરુરીયાત પાણી સરળતાથી મળી રહે.ગાંધીનગર શહેર ગ્રામ્ય નાગરીક સમિતિ દ્વારા તંત્ર ને ઝડપી કાર્યવાહી કરીને ગામોમાં પાણીનો પ્રશ્ન હલ કરવા રજુઆત કરી છે. પરંતુ પાણીનો પ્રશ્ન હલ નહી થાય તો ગ્રામજનો ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરશે તેમજ આગામી આવનારી વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

# વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો વિજય નક્કી : વર્ષાતાઈ





ગાંધીનગર, તા. ૧૯

આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા કોંગી કાર્યકરોમાં નવું જોમ અને જુસ્સો પુરો પાડવા માટે ૧૯-૫-૨૦૧૭ શુક્રવારે બપોરે ૧.૩૦ કલાકે સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ, સે. ૧૭ ખાતે ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ સમિતિની સંયુક્ત કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મંત્રી તથા ગુજરાત પ્રદેશના સહ પ્રભારી વર્ષાતાઈ ગાયકવાડે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં આંતરિક ઝઘડો છે તે ભાજપની ઉપજાવેલી ઉપજ છે. કોંગ્રેસ પાર્ટી એકરૂપ બની વિધાનસભાની ચૂંટણી જીતશે તેમાં કોઈ બેમત નથી. યુપીએ સરકારને ભાંડતી ગુજરાતની ભાજપ સરકાર આજે કેન્દ્રમાં ત્રણ વર્ષના નિષ્ફળ શાસન પછી પણ ગુજરાતને અન્યાય કરી રહી છે. પૂર્વ વિધાનસભા વિરોધપક્ષના નેતા નરેશ રાવલે ઉદાહરણ ટાંકતા કાર્યકરોના આત્મવિશ્વાસને જગાડી વફાદારીથી કામ કરવા હાંકલ કરી હતી. આ કારોબારી બેઠકમાં પ્રદેશ ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડે જણાવ્યુ હતું કે ગાંધીનગર જિલ્લો કોંગ્રેસનો ગઢ છે અને વિધાનસભાની પાંચેય સીટો ઉપર જ્વલંત વિજય નિશ્ચિત છે. શહેર નિરીક્ષક ડૉ. જીતુભાઈ પટેલ અને જિ.પં. પ્રમુખ રામાજી ઠાકોર, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, વિધાનસભા નિરીક્ષકો જે.એમ. ત્રિવેદી, માયાબેન દવે, ધારાસભ્યો બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, જશુભા રાણા, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, ચિમનભાઈ વિંઝુડા સહિત શહેર-તાલુકા જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ, ચૂંટાયેલા તમામ સદસ્યો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડિપાર્ટમેન્ટના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નદીના પટ પાસેથી અનઅધિકૃત રીતે રેતી ભરેલુ ટ્રેક્ટર પકડાયુ

ગાંધીનગર, તા. ૧૯

જિલ્લા સેવા સદનના ચોથા માળે સ્થિત ભુસ્તર કચેરીમાં ફરજ બજાવતા ભુસ્તરશાસ્ત્રી યુ.કે. સિંઘે તેમની ટીમ સાથે આજે બપોરે ઈન્દ્રોડા પાછળ નદીના પટ પાસે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ર્યુ હતું. ટીમને જોઈને દોડધામ મચી ગઈ હતી ત્યારે એક ટ્રેક્ટર મુકી રેતી માફીયા ફરાર થઈ ગયો હતો. જીજે.૯.યુ.૫૦૯૨ નંબરની ટ્રોલીમાં ચાર મેટ્રીક ટન અનઅધિકૃત રીતે ભરેલી સાદી રેતી મળી આવી હતી અને ટ્રેક્ટર નંબર પ્લેટ વગરનું હતુ. યુ.કે. સિંઘે અજાણ્યા ટ્રેક્ટરચાલક સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ખનિજ ચોરી મામલે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના "ચંદન" કાર્યક્રમમાં વિજયભાઈનું અભિવાદન

ગાંધીનગર, તા. ૧૯

રાજકોટ ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમના ધર્મપત્ની અંજલિબેન વગેરે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ આયોજિત 'ચંદન' કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંઘ પરંપરાને જાળવી હતી. અને સંઘના કાર્યકરો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ચૌહાણ તથા આર.એસ.એસ.ના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું ભાવભીનું અભિવાદન કર્યુ હતું. મુખ્યમંત્રી રૂપાણીએ રાજકોટના પૂર્વ કોર્પોરેટર અતુલભાઈ પંડિતના જન્મદિને શુભેચ્છાઓ પાઠવી હતી.

## રાજ્ય બાળ આયોગમાં ડિરેક્ટર તરીકે નિમાયા



ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત બાળ આયોગમાં ડીસાના જાણીતા મહિલા અગ્રણી અને પ્રોફે. ડૉ. રાજુલ દેસાઈની રાજ્ય સરકારે તાજેતરમાં ડિરેક્ટર તરીકે નિમણુંક કરી છે.

ડૉ. દેસાઈની નિમણુંક થતાં રાજયના માલધારી સમાજમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. ડૉ. દેસાઈએ ક્રિમીનોલોજીમાં ડોક્ટરેટની ઉપાધિ મેળવી છે.

## શહેરમાં 'એક શામ આપ કે નામ' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ફેકલ્ટી ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સત્ય સંસ્કાર પરિવાર દ્વારા 'એક શામ આપ કે નામ' મ્યુઝિકલ નાઈટનું આયોજન આગામી તા. ૨૭-૫-૧૭ના શનિવારના રોજ સાંજે ૭.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ, સે-૧૭ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દિવ્યશ્રી નંદિતા ઉપસ્થિત રહેશે. જેઓ સિંગર-એકટર કમ મોડેલ છે. સંગીતના સૂરીલા કાર્યક્રમમાં દિવ્યશ્રી પોતાના સૂરીલા કંઠે વિવિધ હિન્દી ફિલ્મી ગીતો ગાઈ શહેરની પ્રજાને મંત્રમુગ્ધ કરશે.

ફેકલ્ટી ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સત્ય સંસ્કાર પરિવાદ દ્વારા ગાંધીનગરના નગરજનો માટે 'એક શામ આપ કે નામ' મ્યુઝીકલ નાઈટનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ઉદઘાટક અને વકતા તરીકે પ્રિતમ મુનીજી (લકુલીશ ધામ કાયાવરોહણ) ઉપસ્થિત રહેશે સાથે નગરજનોને તેમના પ્રવચનનો લાભ મળશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગરના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટના ચેરમેન મનુભાઈ બી. પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, નાગરિક બેંકના ચેરમેન ઘનશ્યામભાઈ એ. પટેલ, મહાનગરપાલિકા વિરોધપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ઈન્દુબેન રાવલ, ડૉ. કૌશિક પી. શાહ, નાગરિક સેવા સમિતિના પ્રમુખ વિક્રમસિંહ ખાચર, ગાંધીનગર જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચરમેન ગીતાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત સદસ્ય એલ.એલ. પરમાર, કાળુસિંહ હાડા, રમેશભાઈ પટેલ, યોગેનભાઈ પટેલ, પ્રેમબા હાડા ઉપસ્થિત રહેશે.

## કેન્દ્ર સરકાર દ્વારા ટેકાના ભાવે તૂવેર ખરીદીની સમયમર્યાદા ૩૧મી મે સુધી લંબાવાઈ

ગુજરાતના તૂવેર પકવતા ખેડૂતોની ટેકાના ભાવે તૂવેર ખરીદી માટેની સમયમર્યાદા કેન્દ્ર સરકાર દ્વારા તા.૩૧ મે-૨૦૧૭ સુધી લંબાવવામાં આવી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના તૂવેર પકવતા ધરતીપૂત્રોની રજૂઆતો ધ્યાને રાખીને કેન્દ્ર સરકારમાં આ અંગે કરેલી દરખાસ્તનો સ્વીકાર થયો છે.

રાજ્યમાં ટેકાના ભાવે ૫૦ હજાર મે.ટન તૂવેર ખરીદીની સમયમર્યાદા તા. ૧૫ મે-૨૦૧૭ના રોજ પૂરી થતી હતી તે હવે તા. ૩૧ મે સુધી યથાવત રહેશે.

## ગોકુળપુરા પાસે ફુટપાથ પરથી આધેડનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર નજીક ક-માર્ગ પર આવેલા ગોકુળપુરા ગામની સીમમાં ફુટપાથ પરથી આજે બપોરના અરસામાં આશરે ૫૦ વર્ષીય બિનવારસી આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ અંગે સેકટર-૭ પોલિસને જાણ થતા પોલિસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં ગરમીથી મૃત્યુ થયું હોવાની પોલિસને આશંકા છે.

ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ, ગાંધીનગર ખાતે આવેલ સેન્ટ્ર ડાયનીંગ હૉલમાં આર.ઓ. પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવા તથા તેને લગતી જરૂરી કામગીરી તેમજ પ્લાન્ટને સંલગ્ન સામાન ખરીદવાનો હોઈ જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૧૦માં રસ ધરાવતા વેપારીશ્રીઓએ અત્રેની કચેરીએ સીલબંધ કવરમાં ભાવપત્રક મોકલી આપવા વિનંતી છે.

આર. ઓ. પ્લાન્ટને લગતી કામગીરી તથા જરૂરી વસ્તુઓનો જથ્થો તથા માપ-સાઈઝની વિગત અત્રેની કચેરીના બી.સી.એસ. વિભાગમાંથી મળી શકશે.

ભાવપત્રકના કવર પર 'આર.ઓ. પ્લાન્ટ ઈન્સ્ટોલેશનનું ભાવપત્રક' એમ દર્શાવવાનું રહેશે.

સ્થળ : નિયામકની કચેરી
ગુજરાત પોલીસ અકાદમી,
મુ. કરાઈ, પોસ્ટ - વલાદ,
તા.જી. ગાંધીનગર,
પીન નં. ૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૫૭૨૧૩૦૩, ૨૯૨૮૯૬૧૨ EXT-124

સહી/-
(નિપુણા તોરવણે)
નાયબ પોલીસ મહાનિરીક્ષક
ગુજરાત પોલીસ અકાદમી
કરાઈ, ગાંધીનગર

માહિતી/૪૯૮/૧૭-૧૮

જાહેર નોટીસ

કામચલાઉ પુનઃરચના યોજના નં.૧ (દહેગામ)

હું નીચે સહી કરનાર નગર રચના અધિકારી, નગર રચના યોજના નં. ૧ (દહેગામ) આ નોટીસથી જણાવું છું કે, નગર રચના યોજના નં. ૧ (દહેગામ)ની હદમાં સમાવેશ કરવામાં આવેલ જમીનોના જમીન માલિકોને તથા હિત સંબંધ ધરાવતી તમામ વ્યક્તિઓને પ્રાપ્ત સરનામાને આધારે કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્તો અંગેની તથા સદર યોજનાને આખરી કરવા વાંધાસૂચનો સ્વીકારવા વ્યક્તિગત જરૂરી નોટીસો બજાવવામાં આવેલ છે. પરંતુ કોઈ જમીન માલિક કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિને ઉપરોક્ત નોટીસો પુરતા સરનામાના અભાવે અથવા કોઈ અન્ય કારણોસર મળેલ ન હોય તો, પ્રાથમિક પુરાવા સાથે લેખિત વાંધા સૂચનો આ કચેરીને નીચે દર્શાવેલ સરનામે દિન-૧૦માં રજુ કરવાથી તે અંગે યોગ્ય તે વિચારણા કરવામાં આવશે. આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦માં કોઈ રજૂઆત કરવામાં આવશે નહી તો, અત્રેથી લેવામાં આવેલ નિર્ણય જે તે જમીનમાલિકોને કે હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે અને પાછળથી કોઈ વાંધો માન્ય રહેશે નહીં. જેની નોંધ લેવા વિનંતી છે.

સરનામું :
નગર રચના અધિકારીની કચેરી,
નં.૨, યોજનાઓ એકમ-૧૭,
૪૦૩+૪૦૪, ચોથો માળ,
શ્યામજી કૃષ્ણ વર્મા રમતગમત-
સાંસ્કૃતિક અને વાણિજ્ય ભવન,
ન્યુ કલોટ માર્કેટની સામે, રાયપુર દરવાજા, અમદાવાદ-૨

સહી/-
(આર. એલ. પટેલ)
નગર રચના અધિકારી
નગર રચના યોજનાઓ, એકમ-૧૭
અમદાવાદ